# રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા

આર.બી.આઈ/૨૦૧૩-૧૪/૩૨૧
યુબીડી/સીઓ/બીપીડી/પીસીબી
સરકયુલર નં.૨૯/૧૩-૫-૦૦૦/૨૦૧૩-૧૪ ઓકટોબર-૧૦,૨૦૧૩

ધી ચીફ એકઝીકયુટીવ ઓફિસર્સ
નાગરિક સહકારી બેન્ક (તમામ)

નાગરીક સહકારી બેન્કો (UCBS) માટે અનસિકયોર્ડ લોન અંગે એકસ્પોઝર ધોરણો

ઉપર્યુકત વિષય સંદર્ભમાં આર.બી.આઈ.ના પરિપત્ર નંબર:યુબીડી/બીપીડી/(પીસીબી) સકર્યુ. નં.૪૫/૧૩-૦૫-૦૦૦/૨૦૧૨-૧૩ થી નાગરિક સહકારી બેન્કોને કુલ એસેટસના ૧૦% ની મહત્તમ મર્યાદામાં અનસિકયોર્ડ (બીન સલામત) લોન અને એડવાન્સીસ મંજુર કરવા કેટલીક શરતોને આધીન છુટછાટ આપવાનું અને કુલ એસેટસના ૨૫ % સુધી વ્યકિતગત એકાઉન્ટમાં (જામીન સહિત કે વિના) રૂા.૨૦,૦૦૦/- ની મર્યાદામાં આર.બી.આઈ. ની પુર્વ મંજુરી મેળવીને મંજુર કરવા મંજુરી આપેલ હતી.

આ બાબત પરત્વે સમીક્ષા કરતાં, નીચેની શરતોને આધીન રૂા.૧૦,૦૦૦/- સુધી મંજુર કરેલ અન સિકયોર્ડ એડાવન્સીસને અગાઉના નાણાંકીય વર્ષના ૩૧ મી માર્ચ અંતીત ઓડીટેડ બેલેન્સ શીટ ની કુલ એસેટસના ૧૦ % ની એકંદર મર્યાદામાંથી મુકિત આપવામાં આવે છે.

(એ) વ્યકિતગત ધોરણે મંજુર કરાયેલ રકમ રૂા.૧૦,૦૦૦/- થી વધુ હોવી જોઈએ નહિ.

(બી) લોન ઉત્પાદકીય હેતુ માટે હોવી જોઈએ અને ધિરાણ કરેલ ફંડનો ઉપયોગ થવા બદલ બેન્ક ધ્વારા ખાત્રી / ચકાસણી કરવાની રહેશે.

(સી) બેન્કનો CRAR ૯ % હોવો જોઈએ

(ડી) બેન્કને ગ્રોસ એન.પી.એ. ધિરાણના ૧૦ % થી ઓછુ હોવુ જોઈએ.

આ રીતે બેન્ક ધ્વારા મંજુર કરાયેલ અનસિકયોર્ડ ધિરાણ બેન્કની કુલ એસેટસના ૧૫ % થી વધવુ જોઈએ નહી.

ઉપરજણાવેલ નાણાંકીય માપદંડ (Financial Parameters ) અગાઉના નાણાંકીય વર્ષના ૩૧ મી માર્ચ અંતિતના આર.બી.આઈ. ધ્વારા નિર્ણીત થયા મુજબના લેવાના રહેશે.

૨/– નાગરિક સહકારી બેન્ક કે જે ઉપર્યુકત ધોરણો જાળવી શકે તેમ ન હોય તેવી બેન્કોએ અનસિકયોર્ડ લોન્સની (જામીન સહીત કે વિના અથવા ચેકના હેતુ માટે) માટેની માર્ગદર્શીકા મુજબ અગાઉના વર્ષના ૩૧ મી માર્ચ અંતિત ઓડીટેડ બેલેન્સશીટની કુલ એસેટસના ૧૦% ની મર્યાદામાં વ્યકિતગત અને ગૃપ ધિરાણ લેનારાના કીસ્સામાં રૂા.૨૫૦૦૦ થી રૂા.૫.૦૦ લાખ (પાંચ લાખ) સુધીની રેન્જમાં ડીમાન્ડ અને ટાઈમ લાયાબીલીટીઝ (ડીટીએલ) ની સાઈઝનાં આધારે અને સી.આર.એ.આર. ની પુર્તતા રહેથી આર.બી.આઈ.ના તા.૧૫–૧૧–૧૦ ના પરીપત્ર નંબરઃયુબીડી/બીપીડી/(પીસીબી)સરકર્યુલર નં.૨૧/૧૩–૦૫–૦૦૦/૨૦૧૦–૧૧ માં જણાવ્યા મુજબની અનસિકયોર્ડ લોન્સ અને એડવાન્સીસ ની મહત્તમ મર્યાદા રહેશે.

(એ.કે.બેરા)

પ્રીન્સીપલ ચીફ જનરલ મેનેજર